**મહે. અધિક જ્યુડી મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. દેવગઢ બારીયા.**

**–:: ફોજદારી કેસ નંબર : ૩૨૮/૨૦૨૬ ના કામે આંક–૧ લગત હુકમ ::–**

૧) ફરીયાદ પક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઉપરોક્ત ગુના અંગેનું ચાર્જશીટ કરેલ.

૨) ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ વિનામુલ્યે મળ્યાની ખાતરી કરી આરોપીએ સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી કબુલાત પુરસીસ પણ આપીને તેમણે ઓછામાં ઓછી સજા તથા દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેમ જણાવવા છતાં અને સમજાવવાં છતા પણ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોઈ કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવેલ છે.

૩) આરોપી સામે એમ.વી.એક્ટ ૧૮૫ તથા પ્રોહી કલમ–૬૬–૧–બી મુજબના સામાન્ય ગુનાનું તહોમત છે તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં આરોપી નાની / મોટી ઉંમરના ગરીબ અને મધ્યમ વર્ગના માણસો જણાય છે. તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. બાળબચ્ચાવાળા છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી. તેમજ ગુનો કર્યાનો અફસોસ વ્યક્ત કરેલ છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે તેમજ તેઓનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવે છે તથા કુટુબના સભ્યોમાં બિમારી છે અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન અને મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે. તે સંજોગોમાં તેમને ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનું છું.

૪) નામ.ગુજરાતની વડી અદાલતે ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો, દરેક કેસની હકીકતને ધ્યાને લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનત્તમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છું. સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ ફરમાવું છું.

**––૦( હુ ક મ )૦––**

૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા– ૨૦૨૩ ની કલમ–૨૭૫ અન્વયે તેઓની સામેના ઉપરોક્ત ગુના સબબ તકસીરવાન ઠરાવી એમ.વી. એકટની કલમ–૧૮૫ હેઠળ રૂ. ૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ તથા પ્રોહી. એકટની કલમ–૬૬–૧–બી હેઠળ રૂ. ૧૦૦ (અંકે રૂપિયા એક સો પુરા) નો દંડ તેમજ કોર્ટ ઉઠતાં સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે, જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) મુદ્દામાલ વ્હીકલ બાબતે જો કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમી રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો મુદામાલ વાહન બાબતે કોઈ વચગાળાનો હુકમ ના હોયતો તેના માલીકને માલીકીના દસ્તાવેજો વેરફાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આરોપીને આ હુકમની નકલ વિના મુલ્યે આપવી.

હુકમ આજરોજ તા.૧૪ મી, માહે– માર્ચ સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ– ૧૪/૦૩/૨૦૨૬**

**સ્થળઃ – દેવગઢ બારીયા.**

**( સંજયકુમાર ઓ. ગર્ગ )**
**અધિક જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**દેવગઢ બારીયા, જી.દાહોદ.**
**કોડ નં. જીજે૦૧૭૩૮.**